# ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ

(ગુજરાત સરકારનું ઉપક્રમ)

ઉદ્યોગભવન, બ્લોક નં. ૩,૪,૫ બીજો માળ, સકેટર–૧૧

ફોન નં.(૦૭૯) ૨૩૨૫૦૬૩૨,૩૪ થી ૩૭ ફેક્સઃ– ૯૫–૭૯–૨૩૨૫૦૫૮૭.

Website : www.gidc.gov.in

---

**જીઆઈડીસી ધ્વારા મિલ્કતોના વણવપરાશી દંડ વસુલ લેવા બાબતે આવકારદાયક નીતિ વિષયક પરિપત્ર જારી કરવામાં આવ્યો.**

જીઆઈડીસી ધ્વારા ગુજરાતના ઔદ્યોગિક વિકાસને વેગ મળી રહે તે હેતુસર સમગ્ર ગુજરાતમા વિવિધ વસાહતોનું આયોજન કરવામાં આવેલ છે. જીઆઈડીસી ધ્વારા ઔદ્યોગિક, વાણિજય અને રહેણાંક એમ ત્રણ પ્રકારની મિલ્કતોની ફાળવણી કરવામાં આવે છે. જેમાં ફાળવણીદારે તેઓને ફાળવવામાં આવેલ મિલ્કતનો નિયત સમયમાં વપરાશ કરવાનો હોય છે. જીઆઈડીસી ધ્વારા જે તે મિલ્કતનો કેટલા સમયગાળામાં વપરાશ કરવાનો રહેશે તે અંગેની સમયાંતરે નીતિઓ અમલમાં મુકવામાં આવેલ છે. પરંતુ કેટલાક કિસ્સાઓમાં મિલ્કતના વપરાશની સમયમર્યાદા મિલ્કતની ફાળવણી તારીખથી નકકી કરવામાં આવેલ તો કેટલાક કિસ્સાઓમાં મિલ્કતનો ભૌતિક કબજો ફાળવણીદારે સંભાળ્યા તારીખથી ગણતરીમાં લેવામાં આવેલ છે અને આધારે જીઆઈડીસી વણવપરાશ દંડની વસુલાત કરવામાં આવે છે.

આ સંજોગોમાં તમામ કેસોમાં એકસુત્રતા જળવાતી ન હતી. જેથી તમામ કિસ્સાઓમાં એકસુત્રતા જળવાય અને કુદરતી ન્યાયના સિધ્ધાંતને ધ્યાનમાં લઈ, નિગમ સમક્ષ રજુ થતા હવે પછીના તમામ જુના/નવા કિસ્સાઓમાં ફકત મિલ્કતના કબજા તારીખથી વણવપરાશી દંડ વસુલ લેવાનું નકકી કરવામાં આવેલ છે અને વણવપરાશી દંડ વસુલવા બાબતે તારીખઃ૩૦.૦૯.૨૦૧૬ થી પરિપત્ર જારી કરી નીતિ અમલમાં મુકવામાં આવેલ છે. પરિપત્ર જીઆઈડીસીની વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ છે.

–સહી–

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

જીઆઈડીસી, ગાંધીનગર